અમદાવાદના મહેરબાન એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રી કોર્ટ નંબરઃ૧૯.

185

મુકામઃઅમદાવાદ

ક્રિમીનલ કેસ નંબરઃ ૫૭૬૯૪/૧૯

આંકઃ- D

ફરીયાદીઃ સરકારશ્રી

વિરૂદ્ધ

આરોપીઃ રાહુલકુમાર રાય

709

## -। ગુન્હા કબુલાત પુરશીસ -।

અમો આરોપી સદરહું કામે ગુન્હાની સ્વેચ્છાપૂર્વક કબુલાત કરી જણાવીએ છીએ કે, અમો ગરીબ સ્થિતિના છીએ. બાળબચ્ચાવાળા છીએ. સદરહુ ગુન્હો અમોથી ભુલમાં થયેલ છે અને તે ગુન્હો કરવાનો અમારો બદઈરાદો ન હતો. અમારો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. અમો રીઢા ગુનેગાર નથી અને હવે પછી આ ગુન્હાનું પુનરાવર્તન અમો નહી કરીએ તેની ખાતરી આપીએ છીએ. તેથી એક સારા નાગરીક તરીકે જીવન જીવવાની તક આપીને અમને હળવી સજા કરવા વિનંતી કરીએ છીએ.

તારીખઃ ૯/૩/૧૯

અમદાવાદ

Rahul

આરોપીની સહી/અંગુઠો

Recorded.

[A.N.VORA ]
Additional Chief Metropolitan magistrate.
Court No.19.Ahmedabad.
Unique Code No.00849

ક્રિમીનલ કેસ નંબર ૫૭૬૯૪/૧૯

સવાલઃ શું તમને પોલીસ તપાસના જરૂરી તમામ કાગળોની નકલો આપવામાં આવેલી છે?

જવાબઃ હાજી, મને નકલો મળી ગઈ છે.

સવાલઃ તમો આરોપીને તમારી સામે ગુન્હો વાંચી, સંભળાવી, સમજાવવમાં આવેલ છે, શું તમોને તમારી સામેનો ગુન્હો કબુલ છે કે વકીલશ્રી રોકીને બચાવ કરવા માંગો છો?

જવાબઃ હાજી, મને મારી સામેનો ગુન્હો કબુલ મંજુર છે. દયાની યાચના કરૂ છું.

Rahul

આરોપીનીસહી/અંગુઠો

Before Me,

[A.N.VORA ]
Additional Chief Metropolitan magistrate.
Court No.19.Ahmedabad.
Unique Code No.00849

Scanned with CamScanner

૧. આ કામે આરોપી વિરૂદ્ધ એવો આક્ષેપ છે કે, આરોપીએ પોતાનું વાહન દારૂ પીધેલ હાલતમાં બેદરકારી રીતે ચલાવી ગુનો કરેલ છે. જે અંગે તપાસના અંતે આરોપી વિરૂદ્ધ એમ.વી.એક્ટ.૧૮૫ [illegible] રજુ કરવામાં આવેલ છે. આરોપી હાજર છે તેને કેસના કાગળોની નકલ આપવામાં આવેલ છે ત્યારબાદ આરોપીએ આજરોજ કબુલાત પુરસીસ આપી ગુનો કબુલ કરેલ છે. આરોપીને સમજાવવામાં આવે છે કે તેઓ ગુનો કબુલ કરવા માટે બંધાયેલ નથી અને જો ગુનો કબુલ કરશે તો પુરસીસનો ઉપયોગ તેમના વિરૂદ્ધમાં પુરાવા તરીકે યોગ્ય હુકમ કરવામાં આવશે.

૨. આરોપીને સજા બાબતે પુછતા તેઓ જણાવે છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે ગુના બદલ પસ્તાવો થાય છે. આરોપી કુટુંબવાળા માણસ છે અને તેમની કમાણી ઉપર ઘર ચાલે છે અને તેઓ સિવાય ઘરમાં બીજુ કોઈ કમાવાવાળુ નથી. આરોપી જણાવે છે કે, આ પ્રકારનો કોઈ ગુનો અગાઉ બનેલ નથી કે આ પ્રકારના ગુનામાં કોઈ સજા થયેલ નથી.

૩. આરોપીની રજુઆત ધ્યાને લીધી આરોપી મધ્યમ વર્ગમાંથી આવે છે અને અકસ્માત ગુનો ઈરાદા વગરનો છે. કેસ જુનો છે. આરોપીએ સ્વેચ્છાએ કબુલાત કરેલ છે કે, જો આરોપીને વધુ સજા કરવામાં આવે તો તેના કારણે આરોપીને પરોક્ષ રીતે આરોપીના કુટુંબને સજા શેકયતા છે. કારણ કે આરોપીની કમાણીમાંથી જ ઘર ચાલે છે તેના બદલે આરોપી જેલમાં જતા આરોપીના ઘરવાળા ભુખે મરે તેમ છે આરોપી તેના બદલ પસ્તાવો થાય છે. આ તમામ હકીકત ધ્યાને લેતા આરોપીને વધુ સજા નહી કરતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -૦: હુ ક મ ૦:-

(૧) આરોપીને એમ.વી.એક્ટ.૧૮૫ મુજબનો ગુના સબબ તકસીરવાન ઠરાવી રૂા. ૨,૦૦૦/- (અંકે રૂપીયા બે હજાર પુરા)નો દંડ કરવામાં આવે છે.

(૨) જો આરોપી ઉપરોકત દંડની રકમ ના ભરે તો તેને વધુ દિન-...... ની સાદી કેદની સજા કરવામાં આવશે.

સદરહુ હુકમ આજ તારીખ: ૦૯ માહે માર્ચ સને ૨૦૧૯ નાં રોજની સ્પેશીયલ સીટીંગ પ્રોસીડીંગ્સની અદાલતમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

મુકામ:અમદાવાદ
તા. ૦૯/૦૩/૨૦૧૯

(અર્ચિત નિલમભાઈ વોરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબર:૧૯.અમદાવાદ.
કોડ નં.જીજે. ૦૦૮૪૯
સ્પેશીયલ સીટીંગ

એમ.ટી.દેસાઈ.

Scanned with CamScanner